## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ

પ્રશ્નપત્ર - ૨

(સમય : બપોરે ૨ થી ૫) રવિવાર, ૧૦ જુલાઈ, ૨૦૧૧ કુલ ગુણ : ૧૦૦

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ [ ] ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

### વિભાગ : ૧ : બ્રહ્મવિદ્યાના અમૂલ્ય ગ્રંથો પ્રથમ આવૃત્તિ એપ્રિલ-૨૦૦૮ના આધારે

**પ્ર.૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૩ (૧૩૭) ૨. ૧, ૨ (૯૭) ૩. ૨, ૪ (૧૫૦)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

૧. મનુષ્યનાં જીવને શાનો શાનો બગાડ વળગેલો છે ? (૪)

જ. અનાદિ કાળથી જીવમાં કામ, લોભ, સ્વાદ, માન, ક્રોધ, ઈર્ષા, મત્સર, લાલસા, રાગ-દ્વેષ, અહં-મમત્વ અને અનેક પ્રકારની વાસનાનો બગાડ વળગેલો છે.

૨. ચાર વેદનાં નામ જણાવો. (૬)

જ. ચાર વેદના નામ : ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ,

૩. શ્રીજીમહારાજે મોટેરા સંતોને પોતપોતાની વિશેષતા જણાવવાનું કહ્યું ત્યારે મુક્તાનંદ સ્વામીએ પોતાની શી વિશેષતા જણાવી ? (૫૪)

જ. કોઈ ક્રોધે કરીને માર માર કરતો આવતો હોય, પણ મારાં દર્શન કરે તો એનો ક્રોધ શાંત થઈ જાય.

૪. ગુણાતીતાનંદ સ્વામી મહારાજના પુરુષોત્તમપણાની વાતો કરતાં ત્યારે ગોપાળાનંદ સ્વામી શું કહેતા ? (૮૧)

જ. 'અહો ! સ્વામી તો સાક્ષાત્ અક્ષર-બ્રહ્મનો અવતાર, એટલે તેમને વેદની તંતી આડી આવે જ નહિ.'

૫. શરદઋતુમાં આકાશ નિર્મળ જોઈને સ્વામી શું બોલ્યા ? (૧૫૦)

જ. 'આવું અંતઃકરણ થાય ત્યારે જીવ સુખિયો થાય, તેમ સત્સંગ કરતાં કરતાં થાય.'

**પ્ર.૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ ૫)**

૧. येनाक्षरं पुरुषं वेद सत्यं प्रोवाच तां तत्त्वतो ब्रह्मविद्याम्।(મુંડક્ ઉપનિષદ્) (૨)

જ. બ્રહ્મવિદ્યાનું તાત્પર્ય

૨. 'વેદ પુરાણ ઈતિહાસ અને સ્મૃતિ એ સર્વે શાસ્ત્રમાંથી અમે એ સિદ્ધાંત કર્યો છે જે; જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરમેશ્વર એ સર્વે અનાદિ છે.' (૧૮)

જ. વચનામૃતમાં સર્વે શાસ્ત્રોનાં સાર-રહસ્ય-સિદ્ધાંતની વાતો

૩. 'પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહનું રૂપ છે.' - મ. ૫૩ (૬૨)

જ. મૌલિક અર્થઘટનો, વ્યાખ્યાઓ તથા સૂત્રાત્મક ઉપદેશ : મૌલિક વ્યાખ્યાઓ.

૪. 'આપણે તો અક્ષરધામમાં જાવું એવો એક સંકલ્પ રાખવો.' (૧૨૮)

જ. વાતોમાં સાધનાનું સ્પષ્ટ શબ્દચિત્ર : ધ્યેયની સ્પષ્ટતા

૫. 'અમારે તો કાંઈ વસ્ત્ર જ ન જોઈએ, એક ધાબળી પણ નથી, ને આ ખાધાનું તો કો'કના સારાને અર્થે છે.' (સ્વા.વા. ૬/૧૫૨) (૮૭)

જ. ગુણાતીતાનંદ સ્વામી : બ્રહ્મવિદ્યાના ભોમિયા : ખાવાપીવામાં કે વસ્ત્રોમાં તાલમેલ નહિ

**પ્ર.૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા મુદ્દા સાચા લખ્યા હોય તો ૧ ગુણ આપવો.**

**૧. વચનામૃતની વિલક્ષણ વિશેષતાઓ. (કોઈ પણ ચાર)**

જ. (૧) સરળ ગુજરાતી ગદ્ય શૈલી (૨) દૃષ્ટાંતસભર હળવી અને સચોટ શૈલી (૩) પ્રશ્નોત્તર શૈલી (૪) મૌલિક અર્થઘટનો, વ્યાખ્યાઓ તથા સૂત્રાત્મક ઉપદેશ :૧. મૌલિક અર્થઘટનો ૨. મૌલિક વ્યાખ્યાઓ ૩. સૂત્રાત્મક ઉપદેશ (૫) નિઃસંશય, નિર્ણયાત્મક અને સ્પષ્ટ ઉપદેશ (૬) સમન્વયાત્મક તત્ત્વજ્ઞાન અને સાધના : ૧. સમન્વયાત્મક તત્ત્વજ્ઞાન ૨. સમન્વયાત્મક સાધનામાર્ગ (૭) વિઘ્નોનું સ્પષ્ટ નિરૂપણ

**૨. વચનામૃત વિશે અભિપ્રાય**

જ. (૧) ગુણાતીત ગુરુઓના અભિપ્રાય (૨) મૂર્ધન્ય વિદ્વાનોના અભિપ્રાય

**પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (વીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**૧. શ્રીજીમહારાજ : સર્વઅવતારના અવતારી સર્વોપરી ભગવાન (૨૨) અથવા**

જ. શ્રીજીમહારાજના દિવ્ય વ્યક્તિત્વમાં તેઓ સર્વોપરી સર્વાવતારના અવતારી અને અક્ષરધામના અધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે. તેઓ સર્વકારણના કારણ, સર્વકર્તાહર્તા, સર્વનિયંતા, સર્વકર્મફળપ્રદાતા અને સર્વમોક્ષપ્રદાતા છે. તેઓ મનુષ્ય રૂપે હોવા છતાં સર્વ ઐશ્વર્યસંપન્ન, સદૈવ માયાથી નિર્લેપ, નિર્દોષ અને દિવ્યમૂર્તિ છે. તેઓ પોતે જ પોતાના આ દિવ્ય વ્યક્તિત્વનો સ્પષ્ટ નિર્દેશ કરતાં વચ.અં.૩૮માં કહે છે, ''તે અક્ષરધામને વિષે રહ્યા જે એ ભગવાન તે જે તે મુક્ત પુરુષ તેમણે દિવ્ય એવા જે નાના પ્રકારના ઉપચાર તેણે કરીને સેવ્યા થકા ને તે મુક્ત પુરુષને પરમ આનંદને ઉપજાવતા થકા સદા વિરાજમાન છે. અને એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વે જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે. અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિશે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી, એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે, ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.'' શ્રીજીમહારાજનું યથાર્થ સ્વરૂપ જાણનારા અને સંપ્રદાયમાં યથાર્થ રીતે એનું પ્રવર્તન કરનારા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે. ''સર્વોપરી અને સર્વાવતારના અવતારી ને સર્વ કારણના કારણ મહારાજને સમજવા.'' (સ્વા.વા. ૨/૨) ''ઉપાસના ચોખ્ખી સમજવી જે, કોટાનકોટિ ભગવાનના અવતાર જે શ્રીકૃષ્ણ, રામચંદ્ર, વાસુદેવ, નરનારાયણ ઇત્યાદિક સર્વના કારણ મહારાજ છે.'' (સ્વા.વા. ૨/૧૭૧) ''આ પ્રગટ પુરુષોત્તમ શ્રીજીમહારાજ સહજાનંદ સ્વામી તે સર્વે જે અવતાર તેમના અવતારી ને સર્વેના કારણ ને નિયંતા છે, એમાં લેશમાત્ર ફેર નથી.'' (સ્વા.વા. ૬/૭) મહારાજ અને સ્વામીના આ વચનોથી દૃઢ પ્રતીતિ થાય છે કે શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે.

**૨. વચનામૃતની દૃષ્ટાંત-સભર અને હળવી શૈલી. (૫૭)**

જ. વચનામૃતનો નિરૂપિત વિષય અધ્યાત્મ છે. તેમાં ઇન્દ્રિયોને અગોચર એવાં જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ જેવાં તત્ત્વો તથા તપ, ત્યાગ, સેવા, સત્સંગ, સંયમ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, શ્રદ્ધા, આશરો, ઉપાસના, જન્મ-મરણ, પુનર્જન્મ, કર્મસિદ્ધાંત, બંધન, મુક્તિ, જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય જેવાં વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ બધાં ગહન અને રહસ્યમય તત્ત્વો-વિષયો બુદ્ધિપ્રતિભાસંપન્ન વિદ્વનોને પણ સમજવા અતિકઠણ છે, તો સામાન્ય ભણેલ કે અભણ લોકોની તો તેમાં ચાંચ જ ક્યાંથી ખૂંચે ? એ હકીકત છે કે મહારાજની સમક્ષ બેઠેલા શ્રોતાઓમાં મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુનિબાવા, દીનાનાથ ભટ્ટ જેવા મહાસમર્થ વિદ્વાનો હતા અને સાથે સાથે ગામઠી ગુજરાતી સમજી શકે એવા અશિક્ષિત કે અલ્પશિક્ષિત ગામડાના લોકો પણ હતા. આવા બંને પ્રકારના શ્રોતાની સમક્ષ મહારાજે

ગહન તત્ત્વચર્ચા અને અધ્યાત્મ વિષયક વાતોને વિદ્વદ્‌ભોગ્ય અને લોકભોગ્ય શૈલીનું સંતુલન કરીને સમજાવી છે. મહારાજે અધ્યાત્મની ગૂઢ અને સૂક્ષ્મતપ વાતોને સમજાવવા માટે વિવિધ લૌકિક દૃષ્ટાંતો, મૌલિક દૃષ્ટાંતો, પૌરાણિક આખ્યાનો કે પાત્રો, સત્સંગના સંતો-હરિભક્તોના પ્રસંગો, ઉપમાઓ, રૂપકો, કહેવતો, રૂઢિપ્રયોગો અને તર્ક-દલીલનો ઉપયોગ વચનામૃતમાં ઠેર ઠેર વિપુલ પ્રમાણમાં કર્યો છે. આ બધાનો ઉપયોગ કરવાની મહારાજની ફાવટ ગજબની છે. એમને જ્યારે, જ્યાં જેને જે સમજાવવું છે; ત્યારે ત્યાં તે વ્યક્તિ અને વિષયને અનુરૂપ જ દૃષ્ટાંત, પ્રસંગ, ઉપમા, રૂપક, રૂઢિપ્રયોગ, કહેવત, કે તર્કનો ઉપયોગ ખૂબ જ ટૂંકમાં અથવા તો વિસ્તૃત રીતે રજૂઆત કરીને એમણે કર્યો છે. તેઓ ક્યારેક કોઈ એક સિદ્ધાંતને સમજાવવા માટે જુદાં જુદાં દૃષ્ટાંતો, પાત્રો કે વસ્તુઓનો ઉપયોગ કરે છે; તો ક્યારેક કોઈ પણ એક જ દૃષ્ટાંત, પાત્ર, પ્રસંગ અને વસ્તુનો ઉપયોગ કરીને જુદા જુદા સિદ્ધાંતો કે બોધપાઠ શીખવે છે. ક્યારેક આ બધી વસ્તુઓનો ઉલ્લેખમાત્ર કરે છે, તો ક્યારેક આબેહૂબ શબ્દચિત્ર રજૂ કરે છે. વચનામૃતમાં આપેલા દૃષ્ટાંતોમાંથી કેટલાંક દૃષ્ટાંતો અહીં નમૂનારૂપે જોઈએ. **પ્ર. ૨૩** - ‘‘જેમ પાણીનો ઘડો ભરીને એક ઠેકાણે ઢોળી આવીએ, પછી વળી બીજે દિવસે અથવા ત્રીજે દિવસે તે ઠેકાણે પાણીનો ઘડો ઢોળીએ તેણે કરીને ત્યાં પાણીનો ધરો ભરાય નહિ, કાં જે આગલા દિવસનું જળ આગલે દિવસે સૂકાઈ જાય ને પાછલા દિવસનું પાછલે દિવસે સુકાઈ જાય અને જો આંગળી જેવી નાની જ પાણીની સેર્ય અખંડ વહેતી હોય તો મોટો પાણીનો ધરો ભરાઈ જાય, તેમ ખાતાં, પીતાં, ચાલતાં તથા શુભ ક્રિયાને વિશે તથા અશુભ ક્રિયાને વિશે સર્વ કાળે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવી. પછી એવી રીતે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખતાં રાખતાં એવી દૃઢ સ્થિતિ થાય છે.’’ **કા. ૧૨** - ‘જેમ કોઈ પુરુષને પ્રથમ તો કાચા ચણા ચાવે એવું દાંતમાં બળ હોય ને તે જો કાચી કેરી સારી પેઠે ખાય તો તેથી ભાત પણ ચવાય નહિ; તેમ ગમે તેવો કામાદિકને વિશે આસક્ત હોય પણ આવી રીતની વાતને આસ્તિક થઈને શ્રદ્ધાએ સહિત સાંભળે તો તે પુરુષ વિષયનાં સુખ ભોગવવાને સમર્થ રહે નહિ.’ **લો. ૧૭** - ‘જેમ સર્પે લાળ નાંખી હોય એવું જે દૂધ-સાકર તેને જાણે પીધું હોય ને તે જીવે છે તોપણ ઘડી બે ઘડીમાં, સાંજ-સવારે, આજ-કાલ, જરૂર મરનારો છે; તેમ જે દેહાભિમાની છે તે મહિને, બે મહિને, વર્ષે, બે વર્ષે, દસ વર્ષે, દેહ મૂક્યા સમે, દેહ મૂકીને, જ્યારે ત્યારે પણ એ જરૂર સંતનો અભાવ લઈને પડી જશે.’ **મ. ૬** - ‘જેમ કોઈક મોટો શાહુકાર હોય ને તે કોઈને હૂંડી લખી આપે ત્યારે કાગળમાં તો એકે રૂપિયો જણાતો નથી પણ રૂપિયા સાચા છે. તે જ્યારે હૂંડી જે શાહુકારની ઉપર લખી હોય તેને આપે ત્યારે એ હૂંડીમાંથી જ રૂપિયાનો ઢગલો થાય છે, તેમ મોટા પુરુષની આજ્ઞાએ કરીને જે ધર્મ પાળે ત્યારે હમણાં તો કાંઈ વિધિનિષેધમાં વિશેષ જણાતું નથી, પણ અંતે મોટા પુરુષની આજ્ઞા પાળનારાનું કલ્યાણ થાય છે; જેમ હૂંડીમાંથી રૂપિયા નીસરે છે તેમ.’ **વ. ૧૨** - ‘જેમ રાજા હોય તે નપુંસક હોય ને તેનું રાજ્ય જતું હોય ને વંશ જતો હોય, પણ એ થકી તેની સ્ત્રીને પુત્ર થાય નહિ; અને સર્વ મલકમાંથી પોતા જેવા નપુસંકને તેડાવીને તે સ્ત્રીને સંગે રાખે તોપણ સ્ત્રીને પુત્ર થાય નહિ. તેમ જેને ભગવાનનો મહિમા સહિત નિશ્ચય નથી તો તેને મુખે ગીતા, ભાગવત જેવા સદ્‌ગ્રંથ સાંભળે પણ તેણે કરીને કોઈનું કલ્યાણ નથી થતું. અને વળી જેમ દૂધ ને સાકર હોય ને તેમાં સર્પની લાળ પડી, પછી એને જે કોઈ પીએ તેના પ્રાણ જાય. તેમ માહાત્મ્ય સહિત જે ભગવાનનો નિશ્ચય તેણે રહિત એવો જે જીવ તેના મુખથકી ગીતા, ભાગવતને સાંભળે તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી, એમાંથી તો મૂળગું ભૂંડું થાય છે. **અં. ૧૨** - ‘જેમ હડકાયા શ્વાનની લાળ જેને અડે તેને પણ હડકવા હાલે; તેમ જેને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તે સાથે જે હેત રાખે અથવા તેની વાત સાંભળે, તો તે હેતનો કરનારો ને વાતનો સાંભળનારો પણ વિમુખ સરખો થાય.’ ઉપરોક્ત દૃષ્ટાંતો વિચારીએ તો ખ્યાલ આવે છે કે દૃષ્ટાંત દ્વારા સિદ્ધાંતને સમજાવવાની અદ્‌ભૂત કળા શ્રીજીમહારાજને હસ્તગત હતી. આવાં તો અનેકાનેક દૃષ્ટાંતો અને પ્રસંગો વચનામૃત ગ્રંથમાં જોવા મળે છે. મહારાજે અધ્યાત્મનાં ગહન સત્યોને ખૂબ જ સરળ, રસાળ, અને હળવી શૈલીમાં સમજાવીને સામાન્ય લોકોના જીવનમાં પણ સિદ્ધ કરાવ્યાં છે.

**૩. ગુણાતીતાનંદ સ્વામી : સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર (૮૩) અથવા**

જ. ગુણાતીતાનંદ સ્વામીના દિવ્ય અને પારલૌકિક વ્યક્તિત્વમાં મુખ્ય બાબત એ છે કે તેઓ સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર છે. તેઓ આધ્યાત્મિક સાધના કરી પોતાના સ્વભાવો, દોષો કે વિકારો ટાળીને સિદ્ધ થયેલ વ્યક્તિ નથી, પરંતુ તેઓ તો અનાદિ કાળથી જ પરબ્રહ્મની જેમ જ માયાથી પર છે. તેમને માયાનો સ્પર્શ સુધ્ધાં નથી. તેમને માયા લોપી શકે તેમ નથી. તેઓ સદૈવ માયાથી પર રહેવા છતાં પરબ્રહ્મની ઈચ્છાથી અનંત જીવોના કલ્યાણાર્થે આ બ્રહ્માંડમાં પધારે તોપણ તેઓ તો સદૈવ માયાથી અસંગી અને નિર્લેપ જ રહે છે. તેમનું આ

લોકમાં પધારવું એ કર્મવશ નથી, પરંતુ પરબ્રહ્મની ઇચ્છાથી જીવોના કલ્યાર્થે જ છે. શ્રીજીમહારાજ પોતે જ વચ.પ્ર.૭૧માં કહે છે ''ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે, ત્યારે તે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે.'' ગુણાતીતાનંદ સ્વામી પણ પોતાની વાતોમાં આ જ હકીકત જણાવે છે : ''મહારાજ તો પોતાનું અક્ષરધામ ને પાર્ષદ ને પોતાનું સમગ્ર ઐશ્વર્ય તે લઈને આંહી પધાર્યા છે. (સ્વા.વા. ૧/૧) આજ તો પુરુષોત્તમ અક્ષર ને અક્ષરના મુક્તે સહિત પધાર્યા છે. (સ્વા.વા. ૩/૪૧) આ ઉપરાંત પણ અનેક વાતોમાં સ્પષ્ટ નિર્દેશ છે કે શ્રીજીમહારાજ અક્ષરધામમાંથી અક્ષરબ્રહ્મને લઈને આ પૃથ્વી પર પધાર્યા છે. શ્રીજીમહારાજે અક્ષરબ્રહ્મને પૃથ્વી પર લઈને આવ્યા છે, તે ગુણાતીતાનંદ સ્વામી જ છે, એવી વાત સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. શ્રીજીમહારાજે અનેકાનેક પ્રસંગોએ, ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે, એવી સ્પષ્ટપણે વાતો કરી છે. એમાંથી એક પ્રસંગ અહીં લઈએ. - આ.સં. ૧૮૬૮માં સારંગપુરમાં રાઠોડ ધાધલને ઘેર હોળીનો ઉત્સવ કર્યો, ત્યારે મહારાજે સંતો સાથે રાસ લીધો, એ વખતે કબીરનું પદ (સદ્‌ગુરુ ખેલે વસંત....) ગાયું. પછી મહારાજે પૂછયું, ''એવા સદ્‌ગુરુ કોણ ?'' પ્રથમ લોજ અને માંગરોળમાં આવા પ્રસંગે મહારાજે કહ્યું હતું, ''એવા સદ્‌ગુરુ અમે છીએ.'' તે પ્રમાણે સંતોએ કહ્યું, ''એવા સદ્‌ગુરુ તો આપ છો.'' શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીની છાતીમાં છડી અડાડી કહ્યું, ''અમે તો સર્વોપરી પુરુષોત્તમ નારાયણ છીએ અને આ પદમાં જે મહિમા સદ્‌ગુરુનો કહ્યો, તે સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે. આ અનાદિ સદ્‌ગુરુ એવા ગુણાતીતાનંદ સ્વામી તે ધામ રૂપે અમને અને અનંત કોટિ મુક્તોને ધારી રહ્યા છે, અને સાકાર રૂપે અક્ષરધામમાં અને અહીં અમારી સાથે અમારી સેવામાં સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવા સારુ સદ્‌ગુરુ રૂપે પ્રગટ થયા છે.'' ગુણાતીતાનંદ સ્વામીએ પોતે પણ અનેક પ્રસંગોએ પોતાના હેતવાળા સંતો-ભક્તોને પોતાના અક્ષરપણાની ઓળખાણ કરાવી છે. - જૂનાગઢથી છેલ્લી વિદાય લઈને ગુણાતીતાનંદ સ્વામી વંથળી પધાર્યા, તે વખતે કલ્યાણભાઈના પુત્ર દેવજીભાઈએ સ્વામીશ્રીની પૂજા કરીને પ્રશ્ન પૂછ્યો, 'સ્વામી ! આપણે સૌ અક્ષરબ્રહ્મની વાત કરીએ છીએ તે અક્ષર કેવું હશે?'' ત્યારે સ્વામીએ કહ્યું, ''આ તારા ઘરમાં બેઠું છે, એ જ અક્ષર છે.'' વળી, સ્વામીએ કરેલ કેટલીક વાતોમાં પણ એમના અક્ષરપણાનો સ્પષ્ટ નિર્દેશ છે. જેમ કે, ''આ સાધુને અક્ષર જાણવા.'' (સ્વા.વા.૩/૩૮) ''આ સાધુ અક્ષર છે તેનો દિવ્યભાવ ને મનુષ્યભાવ એક સમજવો અને આ તો અજન્મા છે, ગર્ભમાં આવ્યા જ નથી. ને એમની રીત તો નટની માયાની પેઠે સમજવી, ને આ તો મહારાજના સંકલ્પે કરીને આંહીં દેખાય છે.'' (સ્વા.વા.૫/૧૮૪) ''આ છે એ બ્રહ્મ અને ગયા એ પરબ્રહ્મ.'' (સ્વા.વા.૬/૨૧૧) ઉપરોક્ત સર્વે સંદર્ભોથી એટલું જ સમજવાનું છે કે ગુણાતીતાનંદ સાક્ષાત્‌ અક્ષરબ્રહ્મનો અવતાર છે. જે સાધના અને ઉપાસનાનો સર્વોત્તમ આદર્શ છે, જેમના થકી જ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણનો સર્વોત્કૃષ્ટ અને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સિદ્ધ થવાનો છે, એ અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી જ છે. તેથી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એવા શ્રીજીમહારાજના ઉપદેશની જેમ જ ગુણાતીતાનંદ સ્વામીનો ઉપદેશ પણ સંપૂર્ણ પ્રમાણભૂત છે. એમની વાતોમાં કોઈ પ્રકારના સંશયને અવકાશ જ નથી. એટલે કોઈ પણ મુમુક્ષુ એમની વાતોમાં સંપૂર્ણ વિશ્વાસ રાખીને બ્રહ્મવિદ્યાનાં ઉચ્ચતમ સોપાનો સિદ્ધ કરી શકે તેમ છે.

## ૪. સ્વામીની વાતોમાં વચનામૃતનાં ગૂઢ રહસ્યોની સ્પષ્ટતા (૧૧૮)

જ. કેટલીક વાતોમાં વચનામૃતનાં કેટલાંક ગૂઢ રહસ્યો પણ સમજાવ્યાં છે. જેમ કે, મહારાજે વચનામૃતમાં અનેક વાર પ્રત્યક્ષ ભગવાનના સંબંધ કે નિશ્ચયની વાતો કરી છે. ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યક્ષ ભગવાનના સંબંધનું તાત્પર્ય સમજાવતાં કહે છે : ''પંચાળાના વચનામૃતમાં કહ્યું છે જે, ''જેમ જેમ ભગવાનનો સંબંધ રહે તેમ તેમ સુખ થાય છે; તે ભગવાન પરોક્ષ હોય ત્યારે કેમ સંબંધ રહે ?'' પછી ઉત્તર કર્યો જે, ''કથા, કીર્તન, વાર્તા, ભજન ને ધ્યાન તેણે કરીને સંબંધ કહેવાય. ને તે કરતાં પણ મોટા સાધુનો સંગ એ તો સાક્ષાત્‌ ભગવાનનો સંબંધ કહેવાય, ને ભગવાનનું સુખ આવે. કેમ જે, તેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે. ને પ્રત્યક્ષ હતા ત્યારે પણ જેવા છે તેવા ન જાણ્યા હોય તો સંબંધ ન કહેવાય, ને એમ જાણ્યા વિના તો પ્રત્યક્ષ હોય તોપણ શું ! ને તેમ જ જે સંતમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે તેમ જાણે તો આજે પ્રત્યક્ષ છે, ને એમ જાણ્યા વિના તો આજે પરોક્ષ છે.' ત્યારે એક સાધુએ કહ્યું જે, 'મૂર્તિયું પ્રત્યક્ષ નહિ ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'પ્રત્યક્ષ ભગવાન તથા સંતના ચરિત્રમાં મનુષ્યભાવ આવે તો અમાવાસ્યાના ચંદ્રમાની પેઠે ઘટી જાય છે, ને દિવ્યભાવ જાણે તો બીજના ચંદ્રમાની પેઠે વધે છે. તેમ મૂર્તિયું શું ચરિત્ર કરે જે, તેનો અવગુણ આવે ને ઘટી જાય ? માટે બોલતા-ચાલતા જે ભગવાન તે જ પ્રત્યક્ષ કહેવાય, ને મોટા સંત હોય તે જ મૂર્તિયુંમાં દૈવત મૂકે છે, પણ મૂર્તિયું, શાસ્ત્ર

ને તીર્થ ત્રણ મળીને એક સાધુ ન કરે. ને એવા મોટા સંત હોય તો મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણેને કરે. માટે જેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા હોય એવા જે સંત તે જ પ્રત્યક્ષ ભગવાન છે.'' (સ્વા.વા.૫/૩૯૫) શ્રીજીમહારાજે ઘણાં વચનામૃતો (વચ.પ્ર.૨૯,૭૩, કા.૬, લો.૧૪, મ.૫૫, અં.૧૩ વગેરે) માં પોતાના વર્તનની વાત કરી છે. આ વચનો કોઈક વાંચે તો એને એવી એક ગેરસમજણ થવાની સંભાવના રહે કે મહારાજ આપણા જેવા જીવ જ છે અને તેઓ અનેક પ્રકારની સાધના કરીને જીવન્મુક્તપણાની સ્થિતિને પામ્યા છે. આવી ગેરસમજણ ન થાય એ માટે મહારાજનાં એ વચનોનું તાત્પર્ય સમજાવતાં સ્વામી કહે છે : મહારાજે વચનામૃતમાં પોતાનું વર્તન કહ્યું તે તો પોતાના મુક્તનું જ કહ્યું છે એમ સમજવું ને પુરુષોત્તમ તથા ધામરૂપ અક્ષર એ બેને તો તેથી પર સમજવા ને તેમને વિશે તો કાંઈ સમજવું નહિ.'' (સ્વા.વા.૫/૧૪૬) વચ.વ.૧૮માં, પરથારામાં તેમજ સંપ્રદાયના કેટલાક ગ્રંથોમાં એવો ઉલ્લેખ છે કે ગોલોક મધ્યે અક્ષરધામ છે. એનું તાત્પર્ય સ્વામીએ આ રીતે સમજાવ્યું છે. ''જેની જેવી સમજણ હોય ત્યાં તેણે અક્ષરધામ માન્યું હોય. તેમાં કેટલાકે તો બદરિકાશ્રમને અક્ષરધામ માન્યું હોય ને કેટલાકે તો વૈકુંઠલોકને અક્ષરધામ માન્યું હોય ને કેટલાકે તો ગોલોકને અક્ષરધામ માન્યું હોય, પણ જેને મહારાજનો મહિમા જણાય છે તેને જેમ છે તેમ અક્ષરધામ સમજાય છે. તે ઉપર પ્રથમનું ૬૩ ત્રેસઠમું વચનામૃત વંચાવીને કહ્યું જે, જુઓને મહારાજ લખી ગયા છે કે જેમ ઝીણા મચ્છર હોય તેને મધ્યે કીડી હોય તે મોટી દેખાય ને કીડીને મધ્યે વીંછી હોય તે મોટો દેખાય ને વીંછીને મધ્યે સાપ હોય તે મોટો દેખાય ને સાપને મધ્યે સમળા હોય તે મોટી દેખાય ને સમળાને મધ્યે પાડો હોય તે મોટો દેખાય ને પાડાને મધ્યે હાથી હોય તે મોટો દેખાય ને હાથીને મધ્યે ગિરનાર જેવો પર્વત હોય તે મોટો દેખાય ને તે પર્વતને મધ્યે મેરુ પર્વત મોટો દેખાય ને તે મેરુ જેવા પર્વતને મધ્યે લોકાલોક પર્વત તે અતિશે મોટો જણાય; તેમ ગોલોકને મધ્યે અક્ષરધામ છે એમ સમજવું, પણ કાંઈ એક હાથીમાં ગિરનાર પર્વત આવી ગયો તેમ નથી; અને બીજા અનંત પર્વતને મૂકીને ગિરનાર પર્વતને ગણ્યો છે ને બીજા અનંત પર્વતોને મૂકીને લોકાલોક પર્વતને ગણ્યો છે; તેમ અનંત ધામને મૂકીને અક્ષરધામને કહ્યું છે. પણ કાંઈ ગોલોકમાં અક્ષરધામ આવી ગયું, એમ નથી ને બીજાં ધામની તો અવધિ કહી છે, પણ અક્ષરધામની તો અવધિ કહી નથી, એ સિદ્ધાંત વાત છે.' (સ્વા.વા. ૩/૨૩) આ રીતે મહારાજે પોતાની અનેક વાતોમાં કરેલી કેટલીક વાતોનું ગૂઢ રહસ્ય સ્વામીએ સમજાવેલું છે.

**પ્ર.૬ નીચે આપેલા વિષયમાંથી કોઈપણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો.**
**(પચીસથી ત્રીસ લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**૧. વચનામૃતનો અદ્વિતીય શ્રોતાગણ (૪૬)**

જ. ઉપદેશકના ઉપદેશની મહત્તા અને પ્રમાણભૂતતાનો આધાર એ ઉપદેશને ઝીલનાર અને સ્વીકારનાર શ્રોતાગણ પણ છે. જે તે વિષયને યથાર્થ જાણનાર વ્યક્તિ જરા પણ ખોટી વાત સ્વીકારે ખરી ? સંજોગવસાત્ કદાચ સાંભળી લે, પણ તેને સત્ય માનીને તે પ્રમાણે અનુસરે તો નહિ જ. કોઈ પણ વિષયના અજ્ઞાની લોકો પાસે થયેલી તે વિષયક વાતોની પ્રમાણભૂતતાના વિશે શંકા રહે તે સ્વભાવિક છે. વચનામૃતના ઉદ્‌બોધક શ્રીજીમહારાજ કોની સામે વાતો કરે છે ? એમના શ્રોતાઓ કોણ અને કેવા હતા ? શું તે ભોળા, અજ્ઞાની અને વિષયાસક્ત પામર જીવો હતા ? ના, એમનો આ શ્રોતાગણ જગતના સામાન્ય સંસારી જીવો કરતાં વિશિષ્ટ પ્રકારનો હતો અને તેથી જ તેમને કરાયેલી આ વાતો પણ વિશિષ્ટ પ્રકારની છે. આ વાતો અધ્યાત્મના કઠિન માર્ગે ચાલનારા શુદ્ધ મુમુક્ષુઓને અપાયેલો ઉપદેશ છે. આત્માની મુક્તિ માટે અને પરમાત્માની પ્રાપ્તિ માટે આ લોકની સત્તા-સંપત્તિ-સુંદરી કે કનક-કામિની-કીર્તિનો ત્યાગ કરીને, અર્થાત્ સંસારી સુખોને તુચ્છ ગણીને, સગાં-સંબંધીઓની મમતાના પાશને ત્યાગ-વૈરાગ્યની તલવારથી કાપીને નીકળેલા એ પરમહંસોને કરેલી આ વાતો છે. મુક્તાનંદ સ્વામી, ભાયાત્માનંદ સ્વામી, ભાઈ રામદાસ, સુખાનંદ સ્વામી વગેરે ૫૦ સંતો તો રામાનંદ સ્વામીના આશ્રમમાં હતા જ. કેટલાક સમગ્ર ભારત દેશનાં જુદાં જુદાં સ્થાનોમાંથી ગાદી, મહંતાઈ, શિષ્યો અને વિષયોનો મોહ છોડી, મહારાજને ચરણે સમર્પિત થયા હતા. શ્રીજીમહારાજની એક જ હાકલથી વર્ણાશ્રમની જૂની માન્યતાનો ત્યાગ કરી, સંન્યાસીની દીક્ષા ગ્રહણ કરી, એક જ રાતમાં ૫૦૦ પરમહંસો થયા હતા. એટલું જ નહિ, પણ તેઓ મહારાજે પ્રવર્તાવેલાં ૧૦૮ કડક પ્રકરણોમાંથી હોંશભેર અને પ્રસન્નચિત્તે પસાર થયા હતા. મુક્તાનંદ સ્વામી વિદ્વાન, સાધુતાસંપન્ન અને પ્રખર ત્યાગવૈરાગ્યથી યુક્ત હતા. બ્રહ્માનંદ સ્વામી પ્રખર બુદ્ધિશાળી, પ્રતિભાસંપન્ન, ૨૪ કળાઓમાં નિપુણ અને બાહોશ હતા. નિત્યાનંદ સ્વામી તો ચાર વેદના જાણકાર અને અન્ય ઘણાં શાસ્ત્રોના ઊંડા અભ્યાસી હતા. તેઓ તે સમયના અજોડ વિદ્વાન હતા. ગોપાળાનંદ

સ્વામી પણ વિદ્વાન, અષ્ટાંગયોગ સિદ્ધ અને મહાસમર્થ હતા. સંતદાસ સમાધિનિષ્ઠ હતા, તો સ્વરૂપાનંદ સ્વામી અખંડ આત્માને દેખનારા હતા. ભાયાત્માનંદ સ્વામી જેવા દેહભાવનો ભૂકો બોલાવી દેનારા હતા, તો વ્યાપકાનંદ સ્વામી જેવા મરેલી ઘોડીને સહજમાં જીવતી કરી શકે તેવા સમર્થ હતા. નિષ્કુળાનંદ સ્વામી જેવા ત્યાગ-વૈરાગ્યની સાક્ષાત્ મૂર્તિ સમા હતા, તો સચ્ચિદાનંદ સ્વામી અને કૃપાનંદ સ્વામી જેવા પ્રેમનું સાક્ષાત્ સ્વરૂપ હતા, જેમને મહારાજના દર્શન થતાં બંધ થાય તો રૂંવાડે રૂંવાડે લોહીના ટશિયા ફૂટતા. સ્વયંપ્રકાશાનંદ સ્વામી સેંકડો શિષ્યોના મહંત હતા, તો અદ્વૈતાનંદ (મગનીરામ) દેવીને સાક્ષાત્ પ્રસન્ન કરીને મેલીવિદ્યામાં સિદ્ધ થયા હતા. ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરબ્રહ્મ હતા, જે અનંતકોટિ બ્રહ્માંડોને ધારવા અને અનંત જીવોનું અનાદિ અજ્ઞાન ટાળીને તેમની બ્રાહ્મી સ્થિતિ કરાવવા શક્તિમાન હતા. જેવા પરમહંસો-સંતો-ત્યાગીઓ હતા, એવાં જ ગૃહસ્થ બાઈ-ભાઈ હરિભક્તો હતાં કે જેઓ મહારાજની આજ્ઞા પ્રમાણે સંસારમાં રહ્યાં હતાં પણ જળકમળવત્ સંસારથી નિર્લેપ અને વિરક્ત. શ્રીજીમહારાજના એક પત્રના ઈશારે ૧૮ સદ્‌ગૃહસ્થો; જેમાંના કેટલાક તો રાજવીઓ હતા, ગરાસદાર હતા, તાલુકેદાર હતા, તેમ છતાં સાપ જેમ કાંચળી ઉતારે તેમ સંસાર ઉતારીને નીકળી ગયા અને દીક્ષા લઈને મહારાજ પાસે આવ્યા. તેમાંના એક અદ્‌ભૂતાનંદ સ્વામી તો એ પત્રના 'વગેરે' શબ્દમાં પોતાનો સમાવેશ કરીને લગ્નના માંડવેથી મીંઢળ તોડીને નીકળેલા હતા. એવી જ રીતે જગતના લોકોને વ્યવહારમાં માથાભર ડૂબેલા લાગતા બંધિયાના ડોસાભાઈ પત્રના ઈશારે સાધુ થઈને બેસી ગયેલા. કેવી નિર્લેપ અને વિરક્ત સ્થિતિ હશે આ લોકોની ! પર્વતભાઈ, ગોરધનભાઈ વ્યવહારમાં હતા છતાં ત્રણેય અવસ્થામાં મહારાજની મૂર્તિને અખંડ દેખતા. ગઢડાના દાદાખાચર, બોટાદના સોમલા ખાચર, લોયાના સુરા ખાચર, કારિયાણીના વસ્તા ખાચર, પંચાળાના ઝીણાભાઈ દરબાર, વડતાલના પ્રથમ ડાકુ જેવા અને પછી પરિવર્તિત થયેલા જોબનપગી, રોજકાના કાકાભાઈ, બોચાસણના કાશીદાસ જેવા તન, મન, ધનથી સમર્પિત થયેલા તથા આધ્યાત્મિક ઉચ્ચ સ્થિતિએ પહોંચેલા વિરક્ત અને નિર્લેપ એવા હજારો ગૃહસ્થો ભક્તો હતા. લાડુબા, જીવુબા, રાજબા, ઝમકુબા, લાધીમા જેવાં હજારો સંસારના રંગથી વિરક્ત અને શ્રીજીના અધ્યાત્મરંગે રંગાયેલા સ્ત્રી ભક્તો હતાં. આ જ જન્મે વાસના અને સ્વભાવો ટળી જાય, દેહભાવ ટળી જાય, આત્મભાવ દૃઢ થાય, સ્વસ્વરૂપ અને પરમાત્માસ્વરૂપનું યથાર્થ જ્ઞાન દૃઢ થાય ને છેલ્લો જન્મ થાય તે માટે આ મુમુક્ષુ ભક્તોએ માર્ગદર્શન માંગ્યું છે. અધ્યાત્મપંથે ચાલતાં ચાલતાં જ્યાં કંઈક વિઘ્ન જણાયું તો તેમાંથી ઊગરવાનો સરળ ઉપાય પૂછયો છે. સંતો-ભક્તોએ મહારાજના ચીંધેલા માર્ગે ચાલવા ઈન્દ્રિયો-અંતઃકરણ અને અંતઃશત્રુઓ સામે ઝઝૂમીને તેમની સાથે સંઘર્ષ કર્યો છે. ગૂંચવાયા કે મૂંઝાયા તો ત્યાં અને ત્યારે જ મદદ, માર્ગદર્શન અને પ્રેરણા માટે મહારાજને પ્રાર્થના કરી છે. મહારાજે આપેલ કોઈ પ્રશ્નના ઉત્તરમાં અથવા તો તેમણે કરેલી કોઈ વાતમાં જેને, જ્યારે, જ્યાં અને જે શંકા થઈ, કે તુરત જ તે સામે પ્રશ્નો પૂછીને કે દલીલો કરીને પણ મનનું સમાધાન મેળવીને જ જંપ્યા છે, પણ કોઈ વાત લોલંલોલ માની લીધી નથી. મહારાજે કરેલી વાત કે આપેલ કોઈ પ્રશ્નનો ઉત્તર પ્રતીતિકર ન લાગે, અથવા તો શાસ્ત્રોનાં અન્ય વચનો સાથે વિરોધ આવતો હોય, તો તેનું સમાધાન જ્યાં સુધી ન થાય, ત્યાં સુધી પરમહંસો આંખો મીંચીને કેવળ અંધશ્રદ્ધાથી મહારાજની એ વાતો મૌન થકા સાંભળી રહ્યા નથી, અને એમણે સ્વીકારી પણ નથી. આ રીતે મહારાજના ઉપદેશનો શ્રોતાગણ મૂર્ખ કે મૂઢ ન હતો; પરંતુ આધ્યાત્મિક પ્રગતિને ઝંખતા, સતત સંઘર્ષ અને પ્રામાણિક પુરુષાર્થ કરતા મુમુક્ષુઓનો જનસમુદાય હતો. જો કોઈ અનુભવી વ્યક્તિએ ચીંધેલ રસ્તે ચાલીને સેંકડો અને હજારો મનુષ્યો કેદારનાથ કે બદરિનાથ સરળતાથી પહોંચી શક્યા હોય તો તેમણે બતાવેલો રસ્તો સાચો હોવો જોઈએ. તેમ જો મહારાજે આપેલા આધ્યાત્મિક માર્ગદર્શન પ્રમાણે વર્તવાથી હજારો સંતો-ગૃહસ્થો દેહ છતાં જ પોતપોતાની જીવદશા ટાળીને, બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરીને જીવનમુક્તિનો અર્થાત્ આત્મા-પરમાત્માના દિવ્ય આનંદનો અનુભવ કરી શક્યા હોય, તો મહારાજે આપેલો ઉપદેશ સંપૂર્ણ યથાર્થ અને પ્રમાણભૂત જ હોય તેમાં લેશમાત્ર શંકાને સ્થાન હોઈ શકે જ નહિ. વચનામૃત ગ્રંથમાં આવા ઉપદેશોનો સંગ્રહ છે, તેથી તે પ્રમાણભૂત છે.

**૨. ગુણાતીતાનંદ સ્વામી દ્વારા બ્રાહ્મીસ્થિતિનું ઘડતર (૧૦૦)**

જ. જેમ કુશળ શિલ્પી અણઘડ પથ્થરને ઘડીને સુંદર મૂર્તિ તૈયાર કરે છે, તેમ ગુણાતીતાનંદ સ્વામીએ પથ્થર જેવા જડ, પશુ, જેવા પામર અને પાપના પર્વત જેવા જીવોનું પરિવર્તન કરીને, યોગ્ય ઘડતર કરીને એમને સાચા માણસ બનાવ્યા છે. એમના અંતરમાંથી દુર્ગુણો અને આસુરી વૃત્તિઓ દૂર કરીને, સદ્‌ગુણોની સુંગધ પ્રસરાવી છે. એમના હૃદયમાંથી અજ્ઞાનનાં અંધારા ઉલેચીને જ્ઞાનનાં અજવાળાં પાથર્યાં છે. જેમ કે **૧.** લીલાખા ગામના

મૂંજા સૂરુ શિકારના ખૂબ શોખીન અને વ્યસની, દારૂ-માંસનું ભક્ષણ એ એમનો દૈનિક ક્રમ. ભરવાડોનાં ઘેટાં-બકરાં રોજ ઉપાડી જઈને નાળિયેરની જેમ વધેરી નાખતો. સ્વામીએ એને વાતો કરીને વર્તમાન ધરાવીને માનવતાના પાઠ શીખવ્યા. **૨.** બાબરિયાવાડના માણસા ગામનો વાલેરો વરુ બહારવટે ચડેલો. આસપાસનાં ગામની વસ્તીને રંજાડે, મારે, લૂંટે, ત્રાસ આપે. હળ હાંકતા નિર્દોષ ખેડૂતને મારી નાખે અને પરણવા જતા વરરાજાની હત્યા કરીને જાનને લૂંટી લે. એ રસ્તે પસાર થતા સ્વામીશ્રી અને સંતોને લૂંટવાનો પ્રયાસ કરનાર વાલેરો વરુ સ્વામીશ્રીની દૃષ્ટિમાં ઝડપાઈ ગયો. સ્વામીશ્રીની પ્રેમપૂર્ણ અને તર્કબદ્ધ વાતોથી તે વીંધાઈ ગયો. સ્વામીએ એને દાનવમાંથી માનવ બનાવ્યો. **૩.** માળિયાનો રામો હાટી પણ એવો જ ભરાડી જીવ. એ બધા જ કુલક્ષણથી પૂરો અને શૂરો, પરંતુ સ્વામીશ્રીની વેધક અને મર્મસભર વાતોથી કુલક્ષણો મૂકવા માટે પ્રતિજ્ઞાબદ્ધ થઈને એણે વર્તમાન ધરાવ્યાં. **૪.** કામરોળ ગામના દરબાર દાજીભાઈ પણ દારૂ, માંસ, અન્ય વ્યસનો અને વ્યભિચાર જેવાં કુલક્ષણોથી ભરપૂર હતા. રોજ કેટલાંય ચકલાંની જીભ કપાવીને ખાવાનો એમનો નિત્યક્રમ હતો. સ્વામીશ્રીએ વાતો કરી આવા પાપના પર્વત ઓગાળીને સન્માર્ગે વાળ્યો.

આવા તો કંઈ કેટલાય આસુરી જીવોનો આસુરીભાવ ટાળીને એમનાં અનેક વ્યસનો, દૂષણો, કુટેવો અને કુલક્ષણો દૂર કરીને એમના અંતરમાં માનવતાના દીવા પ્રગટાવ્યા. ધીરે ધીરે આવા જીવોને વાતો કરી કરીને માનવતાથી પણ આગળ ગતિ કરાવી દેવત્વ અર્પ્યું. અરે ! ત્યાંથી પણ આગળ વધારી સંસાર રંગ ઉતારીને અધ્યાત્મના રંગે રંગ્યા. બ્રાહ્મી સ્થિતિના માર્ગે ચાલતા અને દોડતા કરી દીધા. એટલે જ તો એક વખત ગુણાતીતાનંદ સ્વામીએ આચાર્ય રઘુવીરજી મહારાજને કહ્યું હતું, ‘‘મહારાજ ! આ જૂનાગઢની ખેંગારવાવ સોરઠના સત્સંગીઓનાં માથા વડે ભરવી હોય તો ભરી દઉં, એવો સત્સંગ સૌને સમજાવ્યો છે. આમ, સ્વામીશ્રીએ કથાવાર્તાના અખાડામાં આજ્ઞા-ઉપાસનાની દૃઢતાવાળા, સર્વ પ્રકારે સેવા-સમર્પણ કરનારા તથા પરસ્પર સંપ-સુહૃદભાવથી વર્તનારા સંતો-હરિભક્તોનો એક બહુ જ મોટો સમુદાય તૈયાર કર્યો હતો. જે જીવો સારા હતા, સંસ્કારી હતા, મુમુક્ષુઓ હતા; તેમને પણ અવારનવાર વાતોના ટાંકણે ટકોર કરી, જાણપણું આપી, સાવધાન કરીને કસરમાત્ર ટાળી બ્રહ્મરૂપ કર્યા છે. ઉપેન્દ્રાનંદ સ્વામી, ઘનશ્યામદાસ સ્વામી, ધોલેરાના મહંત વાસુદેવચરણ સ્વામી જેવા સેંકડો સંતોની કસરમાત્ર ટાળીને સુખિયા કરી દીધા. બોટાદના શિવલાલ શેઠ, વસોના વાઘજીભાઈ, ઉપલેટાના લાલાભાઈ, કમીગઢના રયો દેસાઈ, હામાપરના કરસન બાંભણિયો, ચાડિયાના રામ ભંડેરી, બગસરાના વેલો સથવારો, લોધિકા અને ગણોદના અભયસિંહ દરબાર જેવા હજારો ગૃહસ્થ હરિભક્તોનું આધ્યાત્મિક ઘડતર કર્યું હતું. સ્વામીશ્રીની કથાવાર્તાના આ જ અખાડામાં આચાર્ય રઘુવીરજી મહારાજની સર્વે ગ્રંથિઓ ઓગળી ગઈ અને સ્વામીરૂપ થઈ ગયા, અમદાવાદના કેશવપ્રસાદજી મહારાજનો રજોગુણ જતો રહ્યો, જાગાભક્ત સ્વામીની આંતર-બાહ્ય સર્વે ઉપાધિઓ ટળી ગઈ. ભગતજી મહારાજનું એવું તો બખ્તર ઘડાઈ ગયું કે ટોચો જ ન વાગે. વળી, સ્વામીશ્રીએ મહારાજના મળેલા ભાયાત્માનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી જેવા સમર્થ સદ્‌ગુરુ સંતોને પણ મહારાજના સર્વોપરીપણાની વિશેષ દૃઢતા કરાવી હતી. સોરઠના તો સેંકડો સંતો અને હજારો હરિભક્તોની વાતો કરી કરીને પોતાના અક્ષરબ્રહ્મપણાની અને મહારાજના સર્વોપરીપણાની નિષ્ઠા દૃઢ કરાવીને શુદ્ધ ઉપાસના દ્વારા એ સૌને માટે આત્યંતિક મુક્તિનાં દ્વાર ખોલી આપ્યાં. આમ, ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના યોગમાં જે કોઈ આવ્યા તેમની શ્રદ્ધા અને મુમુક્ષુતા પ્રમાણે વાતો કરીને, સંસારી રંગ ઉતારીને, અધ્યાત્મનો રંગ ચડાવ્યો; એમની જીવદશા ટાળીને બ્રાહ્મી સ્થિતિ કરાવી.

**વિભાગ : ૨ ‘શાસ્ત્રીજી મહારાજ’ વિસ્તૃત જીવનચરિત્ર ભાગ ૧ છઠ્ઠી આવૃત્તિ ફેબ્રુઆરી-૨૦૦૭ના આધારે**

**નોંધ :- (૧) પ્રશ્ન: ૭ થી ૧૦ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ : ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

## ૧. વિદ્વતા અને સાધુતાનો સુમેળ - શાસ્ત્રીજી મહારાજ

૧. પુરાણી શ્વેતવૈકુંઠદાસની રમૂજથી ચલાયમાન ન થતાં અંતવૃત્તિવાળાની બહારવૃત્તિવાળાની દૃષ્ટિએ અક્ષરધામનું રહસ્ય સમજાવ્યું. આજથી હું તમારા ભેગો છું. - પુરાણી શ્વેતવૈકુંઠદાસ. ૮૭-૮૮
૨. ભગતજીએ અમને આંહી રાખ્યા છે અને જ્ઞાનોપદેશ કરે છે નહિ તો જીવનું બહું ભૂંડું થાત - ભગતજીના સંગથી જ પાંશરું રહ્યું છે - તલગાજરડાના પટેલને ગુણ આવ્યો. ૧૨૬
૩. ડભોઈમાં પુરાણીની મૂંઝવણ જાણી સાધુતાવાળા સ્વામીએ બુદ્ધિવૂપર્વક ઉકેલ લાવવાનું નક્કી કર્યું. વાહ ! યજ્ઞપુરુષદાસ ! તેં તો આજે અંતર ઠારી દીધું. ૧૪૪-૧૪૫
૪. વિદ્વાનો અને બુદ્ધિશાળી ઘણા આવ્યા પણ મહારાજ પ્રત્યેની પરાભક્તિ અને તદ્ગતભાવને પામવાની અભીપ્સા અદ્વિતીય લાગી. રંગાચાર્ય અસ્મિન સંપ્રદાયે એકમેવ ભગવદ્ભાવને પમાડતી વિદ્વતા અને પરાભક્તિ. ૧૫૬-૧૫૭
૫. જેની કથાથી સૌને વિશેષ સમાસ થયો હોય તેની પ્રથમ પૂજા થવી જોઈએ - સ્વામીશ્રીએ વિનયપૂર્વક ના પાડી - પ્રથમ પૂજન પુરાણી હરિદાસ તથા ગોપીનાથદાસનું કરાવ્યું. ૧૮૦થી૧૮૨
૬. સ્વામીશ્રીની વિદ્વતા અને સાધુતાથી આર્કષાઈને ઊનાના હરિભક્તોએ ઊનામાં કથા કરાવવાનો સંકલ્પ કર્યો. ૧૯૮
૭. આજે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસની કથાના જેવો આનંદ મોટા મોટાની કથામાં પણ આવ્યો નથી. હીરાચંદ શેઠ - ઊના ૨૦૨
૮. તમારી પાસે શાંતિ અને આનંદ દેખાય છે - તમારી વાતો સાંભળતા સંતો અને હરિભક્તોના મુખ પર બ્રહ્માનંદ દેખાય છે - દ્રવિડ શાસ્ત્રી કમલનયન. ૨૦૫-૨૦૬
૯. આ સ્વામી બહુ જ વિદ્વાન અને સાધુતાના તમામ ગુણોવાળા છે - ગોપાળલાલ - આપે કૃપા કરી આવા પુરુષનાં દર્શન કરાવ્યાં - મંદિર માટે જમીન મેળવવા ચાલીસ ગાઉ ચાલીને પોતે પધાર્યા તેમની ભક્તિ જોઈને મને બહુ આનંદ થયો - રંગીલદાસ. ૨૦૮
૧૦. સ્વામીશ્રીની વિદ્વતા અને હરિભક્તોને વાતો કરી સંતોષ પમાડવાની રીત વગેરે જોઈ કોઠારીએ સારંગપુરની મહંતાઈ આપી. ૨૦૯
૧૧. સ્વામશ્રીની વિદ્વતાથી વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો, વિદ્વાનો અને કવિઓ સારંગપુરના માર્ગે. ૨૧૮
૧૨. સ્વામીશ્રીની સૌમ્ય તેજસ્વી મૂર્તિ અને ધર્મ, નિયમ, ઉપાસના, ભક્તિ વગેરેનું નિરૂપણ સાંભળી આશાભાઈ અને ઈશ્વરભાઈ સ્વામીશ્રીના શરણે. ૨૩૬-૨૩૭
૧૩. 'શ્રીજીમહારાજ કર્તાહર્તા છે' એમ સમજીશું તો શ્રીજીમહારાજ આપણને આંચ આવવા નહિ દે. - સ્વામીશ્રી કોઠારી ગોરધનભાઈને. ૨૩૮-૨૩૯
૧૪. 'શ્રીજીની ઈચ્છાનુસાર આપણે રાજી રહેવું' નવા મહંત ગોપાળચરણદાસને સ્વામીશ્રી. ૨૪૨
૧૫. આ સાધુ દ્વારા મહારાજ સત્સંગમાં પ્રગટ છે - બોચાસણના હરિભક્તો. ૨૫૦
૧૬. વચનામૃત તો બીજા સદ્ગુરુઓ પણ વંચાવે છે, પણ આવી વિક્તિએ સહિત શુદ્ધ સિદ્ધાંતની સમજણ હજુ સુધી કોઈએ આપી નથી. - રામચંદ્ર ઠાકરને સ્વામીશ્રીનો ગુણ. ૨૬૯
૧૭. બે હજાર સાધુઓમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી જેવો સર્વ પ્રકારે ધન-સ્ત્રીનો ત્યાગી મેં હજુ સુધી કોઈ દીઠો નથી. સ્વામીશ્રીની વાતો સાંભળવા બેઠેલા કોઠારી ગોવર્ધનભાઈ. ૨૭૦
૧૮. 'આપણે તો સાધુનો માર્ગ છે એટલે અપમાન, તિરસ્કાર સહન કરવા અને સત્સંગ કરાવવો.' - સ્વામીશ્રી વરતાલ મંદિર છોડતાં પહેલાં પોલીસ પટેલ કિશોરભાઈને વાત. ૨૮૩
૧૯. આખા સંપ્રદાયમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસનો વિદ્વતામાં, સાધુતામાં જોટો નથી. ૩૦૪
૨૦. ઝીંઝરના દરબાર રાણાભાઈને વચનામૃતના આધારે સિધ્ધાંત સમજાવ્યો ને વર્તનથી સાધુતા જોઈ. ૩૮૪
૨૧. સ્વામીશ્રીનું ચોસઠપદી પરના નિરૂપણમાં વિદ્વાન નર્મદાશંકરને સ્વામીશ્રીની વિદ્વતા અને સાધુતાના દર્શન થયાં. ૩૧૩
૨૨. વચનામૃત વંચાવીને જ મને તેમની વાત સાચી મનાવી દીધી છે. જો તેમની વાત ખોટી હોય તો તે ભાવનાં વચનામૃત કઢાવીને મને સમજાવો. ૪૦૩

## ૨. શાસ્ત્રીજી મહારાજ માટે વેરાયેલા પ્રસંશાના પુષ્પો

૧. આ તમારો ભાઈ પૂર્વજન્મનો બહુ સંસ્કારી ભક્ત છે. શુકમુનિએ ઉચ્ચારેલી ભવિષ્યવાણી. ૧૬
૨. આ તમારો ભાઈ તો ત્યાગી થઈ, સાધુ થઈ, શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા પ્રવર્તાવશે - ગુણાતીતાનંદ સ્વામી. ૧૭


૭૦૨

૩. આ તો કોઈ પૂર્વના યોગભ્રષ્ટ કે મુક્તાત્મા છે. નહિ તો આટલી નાની વયમાં આવી ક્રિયા હોય નહિ. - મહેળાવવાસી સૌને થતું. ૧૯
૪. આ બાળસ્વરૂપમાં કોઈ અવતારી વિભૂતિ સ્વરૂપ તો નહિ હોય - મધરાતે ખેતરે પહોંચેલા ડુંગર ભક્ત માટે પિતાશ્રી. ૨૧
૫. આ જો સાધુ થઈને મારી પાસે રહે તો મારી સમગ્ર વિદ્યાનો વારસ બને : સ્વામીશ્રી વિજ્ઞાનાનંદજી. ૩૨
૬. આ ફેરવે છે એવી માળા ફેરવતાં સૌ શીખો - આચાર્ય વિહારીલાલજી મહારાજ. ૪૩
૭. આ તો અક્ષરધામમાંથી મહારાજે જ મોકલેલા મુક્ત છે અને સમગ્ર સંપ્રદાયના છે પણ આપણા એકલાના નથી - પુત્રનો ઉપદેશ સાંભળી પિતાની થયેલી વિશાળ દૃષ્ટિ. ૪૬
૮. આ સાધુ મહાન ઈશ્વરાવતાર હોય એમ જણાય છે. આ સાધુ મહા સમર્થ અને યોગીન્દ્ર પુરુષ થશે. - વિદ્વાન જ્યોતિષી. ૫૪
૯. એ તો મારો કોડીલો લાલ છે. તે તો બેસશે. - ભગતજી મહારાજ. ૭૫
૧૦. ચરણારવિંદના પાડનાર શ્રીજીમહારાજ એને હું આપીશ. - ભગતજી મહારાજ. ૭૬
૧૧. ઓત્તારો, ભલો થાય યજ્ઞપુરુષદાસ ! ઓત્તારો ભલો થાય ! ૯૯
૧૨. હાથીની અંબાડીએ બેસે તેને રખડવું પડે છે - તલગાજરડાના પટેલ. ૧૨૬
૧૩. વાહ, યજ્ઞપુરુષદાસ ! તેં તો અંતર ઠારી દીધું - પુરાણી મોરલીધરદાસ. ૧૪૫
૧૪. તે તો ઠાકરિયો વીંછી છે. ૧૪૭
૧૫. गुणाः पूजास्थानं गुणिषु न च लिंड्गं न च वयः ૧૫૨
૧૬. अस्मिन् संप्रदाये एकमेव । રંગાચાર્ય. ૧૫૭
૧૭. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને મારા વતી પાંચ દંડવત્ કરી જય સ્વામિનારાયણ કહેશો : શાસ્ત્રી કૃષ્ણસ્વરૂપદાસજી. ૧૫૮
૧૮. આ તો અંતર સાફ કરવાની સાવરણી છે. - ભગતજી મહારાજ. ૧૬૮
૧૯. આ શાસ્ત્રીના ઉપદેશથી તમારાં છોકરાઓને સત્સંગના સંસ્કાર થાય છે. - સ્વામી બાલમુકુન્દદાસજી. ૧૭૨
૨૦. આજથી જે જે સત્કર્મ મારાથી થાય તે બધાનું પુણ્ય તમને. - જાગા સ્વામી. ૧૭૮
૨૧. જેની કથાથી સૌને વિશેષ સમાસ થયો હોય તેની પ્રથમ પૂજા થવી જોઈએ. - શેઠ હરિલાલભાઈ. ૧૮૧
૨૨. બેય દેશમાં શાસ્ત્રીજી મહારાજ જેવા કોઈ સંત નથી. - અદાશ્રી. ૧૯૭
૨૩. યજ્ઞપુરુષદાસજી વધુ અભ્યાસ કરશે તો આગળ જતાં એક મણિ નીવડશે ને સત્સંગ દીપાવશે. - જીવણરામ શાસ્ત્રી. ૨૦૪
૨૪. વિદ્વત્તામાં યજ્ઞપુરુષદાસજી ખરેખર અજોડ છે. - શાસ્ત્રી કૃષ્ણપ્રિયદાસ. ૨૦૪
૨૫. તમને કાં તો ભગવાન મળ્યા હોવા જોઈએ, કાં તો કોઈ મોટા પુરુષ મળ્યા હોવા જોઈએ. - કમલનયન શાસ્ત્રી. ૨૦૬
૨૬. સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ બહુ જ વિદ્વાન અને સાધુતાના તમામ ગુણોવાળા છે - રંગીલદાસને ઓળખાણ આપતા માધવલાલ. ૨૦૮
૨૭. આપે મારા પર બહુ કૃપા કરી. આવા પુરુષનાં દર્શન કરાવ્યાં. - માધવલાલને રંગીલદાસ. ૨૦૮
૨૮. વરતાલના બેહજાર સાધુઓમાં શાસ્ત્રી ...... સાકરના કટકા જેવી લાગે છે. - કોઠારી ગોવર્ધનભાઈ ૨૭૦
૨૯. છોકરા ! તારામાં તેજ અપાર છે. તારામાં શ્રીજી અખંડ નિવાસ કરીને રહે એવું તારું આ સત્સંગમાં પરમ અદ્વૈત સ્વરૂપ છે. એક એક સાધુ વાંસે લાખ લાખ મનુષ્ય ફરશે. એવો સાધુ તો હું તને દેખું છું. - સ્વામી યોગશ્વરદાસજી. ૨૭૨
૩૦. આખા સંપ્રદાયમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસનો વિદ્વતામાં, સાધુતામાં જોટો નથી. - જગદ્‌ગુરુ શંકરાચાર્ય માધવતીર્થ. ૩૦૪
૩૧. હીરાભાઈને સત્સંગી કરનાર શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને આજે જો ભગવત્પ્રસાદજી મહારાજ હોત તો અનેક પ્રકારે સન્માન કરી, સત્સંગમાં મોટેરા સ્થાપી અને બે જોડ ચરણારવિંદ આપત. - કોઠારી ગોવર્ધનભાઈ. ૩૧૧
૩૨. સાધુતા અને વિદ્વતાનો સંગમ જે પુરુષમાં હોય તે અજોડ જ હોય - નર્મદાશંકરભાઈ. ૩૧૩
૩૩. સ્વામીશ્રીએ મને જીવતદાન આપ્યું છે અને એ મારા ગુરુ છે. - હીરાભાઈ. ૩૨૩
૩૪. સ્વામીશ્રી તો બહુ દયાળુ છે. મેં તો વાડી બક્ષિસ આપી છે પણ સ્વામીશ્રીએ મને રાજી કર્યો. - બોચાસણ રામજી મંદિરનો બાવો હરિદાસ. ૩૨૮
૩૫. છાના છાના છાના રે ક્યાં સુધી રહેશો તમે છાનાં - સ્વામી મહાપુરુષદાસ. ૩૩૦

૩૬. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસે આખા સંપ્રદાયની ભારે સેવા કરી છે - અદાશ્રી. ૩૩૭-૩૩૮
૩૭. સ્વામી શાસ્ત્રીજી મહારાજનો સંગ રાખજો. - અદાશ્રી. ૩૯૧
૩૮. આ સાધુ જ્યારે આવા જ્ઞાની છે તો તેમના ગુરુ સ્વામી શાસ્ત્રીજી મહારાજ કેવા હશે ? ભાવનગરના કુબેરભાઈ. ૪૦૨
૩૯. શાસ્ત્રીજી મહારાજે મને દળના લાડુ અને ચરણારવિંદની જોડ આપી લલચાવ્યો નથી. એક મોક્ષને વાસ્તે જ તેમની પાસે રહ્યો છું. - સાધુ પ્રેમવતીદાસ. ૪૦૭
૪૦. તમારા શિષ્યો તમારી સોનાની મૂર્તિ પધરાવશે. - વરતાલ કમિટિના સભ્ય દોલાભાઈ. ૪૧૭
૪૧. મને આજે ખરેખર આપનાં દર્શન કરતાં ગૌરવ થયું છે. - સયાજીરાવ ગાયકવાડ. ૪૫૪
૪૨. આ શાસ્ત્રીજી મહારાજમાં ભગવાન અખંડ રહ્યા છે. તેમાં મનુષ્યભાવ લાવશો તો કલ્યાણ નહિ થાય. - હરજી ભગત. ૫૩૧
૪૩. અમારે તો સાક્ષાત્ દર્શન થાય છે એટલે એ કૂવામાં ડોકિયું કરવા ક્યાં જઈએ ? - રામચંદ્રભાઈ. ૫૭૩
૪૪. પારસ ભેટ ગયા તે અબ છોડને કા નહિ : જયપુરમાં શેઠ હરિસહાયજી. ૫૭૫
૪૫. તમે તો શાસ્ત્ર, ત્યાગ-વૈરાગ્ય, ભક્તિ, વ્યવહાર, ખેતી-બળદની પરખ વગેરેમાં પ્રવીણ છો ! હવે કોઈ વાત બાકી રાખી છે કે નહિ ? - કોઠારી ગોર્વધનભાઈ. ૫૯૬

**૩. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો સંબંધ**

૧. અદાની કથામાં શાસ્ત્રીજી મહારાજના પ્રસંગોની વાતોથી ઝીણા ભગતને દર્શનની તીવ્ર ઉત્સુકતા ૩૫૪
૨. પ્રથમ મિલન અને પ્રથમ દર્શનમાં જ પરસ્પર અર્થસૂચક ગંભીર વાતો દૃષ્ટિ માત્રે કરી લીધી. ૩૫૪
૩. જૂનાગઢ છોડી શાસ્ત્રીજી મહારાજના મંડળમાં સ્વામી જ્ઞાનજીવનદાસજી તથા બીજા સંતો ૩૬૭-૩૬૮
૪. સંવત ૧૯૬૭ના બોચાસણમાં શ્રાવણી પૂનમના સમૈયામાં જૂનાગઢી સંતોનું આકર્ષણ. ૩૭૦-૩૭૨
૫. જોગી ખરા લાગમાં આવ્યા - સ્વામીશ્રીએ યોગી મહારાજને જમાડેલો દૂધપાક ૪૯૩-૪૯૪
૬. જ્ઞાનજી સ્વામીના પત્રથી આશી પધારેલા સ્વામી. - અડસઠ તીરથ (શાસ્ત્રીજી મહારાજને)મારા સંતને ચરણે. ૫૦૮-૫૦૯
૭. સ્વામી શાસ્ત્રીજી મહારાજનો સંગ રાખજો ને તેઓ કહે તેમ કરજો. અદાશ્રીના યોગીજી મહારાજના આશીર્વાદ ૩૯૧-૩૯૨
૮. શાસ્ત્રીજી મહારાજ તથા જ્ઞાનજી સ્વામી (યોગીજી મહારાજ) મહુવામાં. ૪૯૬-૪૯૭
૯. મૂંઝાશો નહિ. ઠાકોરજી તમારી પૂજા અને પ્રેમના તરસ્યા છે એટલે ગમે ત્યાંથી પણ આવશે. યોગીજી મહારાજના ઠાકોરજી ચોરાઈ ગયા હતા તે સમયે શાસ્ત્રીજી મહારાજનું આશ્વાસન. ૪૯૮થી૫૦૦
૧૦. જોગી મહારાજને અક્ષર મંદિરની મહંતાઈ આપી. ૬૫૯

**પ્ર.૮ નીચે આપેલાં વિષયોમાંથી કોઈપણ બે ઉપર ટૂંકનોંધ લખો.**
**(દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)** **નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ડુંગર ભક્તના ધ્યેયની સ્પષ્ટતા (બેચર ભગત, રાવજીભાઈ) (૨૯)**

**બેચર ભગત :** વરતાલના સભામંડપમાં સામા મળેલા ડુંગર ભક્તને જોતાં જ બેચરભગતને પોતાની સાથે રાખવાનો વિચાર આવતાં તેમને પૂછ્યું : 'મારી સાથે રહેવું છે ? એટલે કોઈપણ પ્રલોભનમાં ન ફસાતાં પોતાનું નિશાન સાધુ થવાનું તે દૃઢતાપૂર્વક સાચવતા કહ્યું : 'મારે તો સાધુ થવું છે પણ પાર્ષદ સાથે રહેવું નથી. ત્યારે કોઠારીએ કહ્યું 'અંતરથી સાધુ થા.' ત્યારે બાળ ભક્તે નીડરતાપૂર્વક કહ્યું : 'તમે અંતરથી સાધુ થાઓ. મને તો એવા સાધુ મળશે ત્યારે સહેજે થવાશે.' આમ, પોતાના ધ્યેયની સ્પષ્ટતા રાખી તે રીતે જ વર્તતા.

**રાવજીભાઈ : (૨૩-૨૪)** સંવત ૧૯૩૦ની સાલમાં ડુંગર ભક્તે વિદ્યારંભ કર્યો - સ્વામી કાર્તિક જેવા જગતમાં આસસક્તિરૂપ, તીવ્ર વૈરાગ્ય, અપાર બુદ્ધિ, અચળ ભક્તિનિષ્ઠા જેવા ગુણોથી આર્કષાયેલા સ્થિતિસંપન્ન પણ નિઃસંતાન રાવજીભાઈ જ્યારે જ્યારે ડુંગર ભક્તને જોતાં ત્યારે નિઃશ્વાસ નાંખતા, મનમાં વિચારતાં કે જો આવો દિકરો ઘેર હોય તો સંપત્તિ શોભે. તેઓ ડુંગર ભક્તને બોલાવી પૂછતા : ડુંગર ! મારે ત્યાં રહીશ ? પેટલાદની અંગ્રેજી નિશાળમાં ભણવા મોકલું અને અંગ્રેજ રાજ્યનો મોટો અમલદાર બનાવું ! ડુંગર ભક્ત ઉપેક્ષા સાથે કહેતા : ઘણું ભણીને પણ નોકરી કરી પરતંત્ર રહેવાનું હોય તો એવું ભણતર શા

કામનું ? મારે તો સાધુ થવું છે અને વિદ્વાન થઈ ઘણાને બ્રહ્મવિદ્યા ભણાવવી છે.

૨. **વઢવાણ મંદિરના પગરણ (૨૧૯થી૨૨૨, ૨૪૨થી૨૪૫)** પૂર્વભૂમિકા - વઢવાણ મંદિરના પગરણ- કુંજવિહારીપ્રસાદનું અપમાન - વઢવાણમાં શિખરબદ્ધ મંદિરનો સંકલ્પ - ભક્તે સહિત ભગવાનની ઉપાસના શાસ્ત્ર સંમત -વઢવાણ વિરુદ્ધ મૂળીમાં સભા- વઢવાણમાં મૂર્તિ પ્રતિષ્ઠા. કોઠારી ગોવર્ધનભાઈની હયાતીમાં અક્ષરપુરુષોત્તમ દેવ બેસાડવાનો સંકલ્પ પૂરો.- 'શ્રીજીએ જ કર્યું છે.'

૩. **વરિષ્ઠ સંતો પર શાસ્ત્રીજી મહારાજનો પ્રભાવ : મોરલીધરદાસ, કૃષ્ણસ્વરૂપદાસ**

૧. **મોરલીધરદાસ (૧૩૭થી૧૪૭)** ડભોઈમાં વૃદ્ધ પુરાણી મોરલીધરદાસનું મંડળ - સત્સંગી આગેવાનો દ્વારા કોઠારી ગોરધનભાઈને વિદ્વાન અને ધર્મવાળા પુરાણીને કથાવાર્તા માટે મોકલવાની માગણી કરતો પત્ર - કોઠારીની નજર યજ્ઞપુરુષદાસ પર ઠરી - યુવાન શાસ્ત્રી પ્રાગજી ભક્તના શિષ્ય હોવાથી મોરલીધરદાસને રુચ્યું નહિ - 'સત્સંગિજીવન' ગ્રંથની કથાની શરૂઆત - દલસુખરામ પંડ્યાને ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીના મહિમાની વાતો કરતા - ઉલ્લાસરામભાઈ પણ પિતાની સાથે યજ્ઞપુરુષદાસ પાસે સમાગમમાં - કથા પ્રસંગમાં ઉપેન્દ્રાનંદ સ્વામી, રઘુવીરજી મહારાજ, ગરાસિયા દાજીભાઈ વગેરેના પ્રસંગો દ્વારા ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા - મંડાળામાં સ્વામીશ્રી - મોરલીધરદાસે સ્વામીશ્રી વિરુદ્ધ કરેલી વાતો - વાહ, યજ્ઞપુરુષદાસ ! તેં તો અંતર ઠારી દીધું. - યજ્ઞપુરુષદાસ ઠાકરિયો વીંછી.

૨. **કૃષ્ણસ્વરૂપદાસ (૧૫૮)** બ્રાહ્મણિયા સાધુ - પોતે શાસ્ત્રી - ઉંમર ૯૨ વર્ષની - શંકરાચાર્યને શાસ્ત્રાર્થમાં મહાત્ કર્યા હતા - અઠ્ઠાવીસ વર્ષના શાસ્ત્રીજી મહારાજે બતાવેલું બ્રહ્મવિદ્યાનું હાર્દ - 'આજે સર્વ પ્રકારે મહારાજ, ભગતજી દ્વારા પ્રગટ છે, માટે તેમનો યોગ કરવો - ત્યારથી ભગતજીનો ગુણ આવ્યો- વરતાલ જતાં સાધુ સાથે દંડવત્ કરી જયસ્વામિનારાયણ કહેવડાવતા. - ગુણાતીતાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીનો મહિમા સમજ્યા - ઉપાસના દૃઢ થઈ -

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈપણ <u>ત્રણ</u> પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગ વર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખો.) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો.**

૧. **અંબારામ ભગતની નિરાવરણ સ્થિતી (૩૪૬) પ્રસંગ :** એક વખત સ્વામીશ્રી કોઠારની જાળી પાસે બેસીને મહારાજ અને સ્વામીના સ્વરૂપની વાતો કરતા હતા. ત્યારે હરિકૃષ્ણદાસને થયું 'અંબારામ ભગત અત્યારે સાધુની ધર્મશાળામાં બેઠા છે. તેમને બોલાવી લાવું.' તેમને અંબારામ ભગતે કહ્યું :' મને બધુંય દેખાય છે અને સંભળાય છે.' એટલે હરિકૃષ્ણદાસે તેમની પરીક્ષા કરને ખાતરી કરતાં પ્રતીતિ થઈ કે અંબારામ ભગત નિરાવરણ સ્થિતીવાળા છે. - ત્યારે હરિકૃષ્ણદાસને તેમનામાં પ્રીતિભાવ થયો.- તરત જ ભગતે તેમને સ્વામીશ્રીનો મહિમા સમજાવી બીજે ક્યાંય પ્રીતિ ન થવા દેવાની વાત કરી - હરિકૃષ્ણદાસ પણ શબ્દનો મર્મ સમજી ગયા અને સ્વામીશ્રીમાં વૃત્તિ જોડી દીધી. **મનન :** વચનામૃત અમદાવાદ ૭માં મહારાજે કહ્યું : કે સામર્થી પામીને પણ એમ ન જાણે જે હું મોટો છું. અને પ્રત્યક્ષ એવા જે નરનારાયણ તેને ગણવા જ નહિ. એવો અહંકાર ન આવવા દે. ને એમ જાણે જે 'શ્રી નરનારાયણની કરુણાએ કરીને હું મોટપ પામ્યો છું.' આ વચનામૃત અનુસાર અંબારામ ભગતે પણ કોઈને પોતાનામાં જોડ્યા નહિ.

૨. **ગોરધનદાસ કોઠારીને વઢવાણ પ્રતિષ્ઠાના સમાચાર આપતા શાસ્ત્રીજી મહારાજ. (૨૪૫-૨૪૬)**
**પ્રસંગ :** વસોના ભાઈલાલભાઈ રાત્રે નવ વાગે વઢવાણમાં 'અક્ષરપુરુષોત્તમ દેવ' બેઠા તેનો તાર લઈને વરતાલમાં સ્વામીશ્રી પાસે આવ્યા. - સ્વામીશ્રી તાર લઈને કોઠારી ગોવર્ધનભાઈ પાસે જઈ તેમને દંડવત્ કરતા હતા ત્યારે કોઠારીએ સ્વામીશ્રીને દંડવત્ કરવાની ના પાડતા કહ્યું :'તારે મને દંડવત્ ન કરવા. તને તો મોટા મોટા દંડવત્ કરે છે. એટલે તું દંડવત્ કરે તો હું દોષમાં પડું - સ્વામીશ્રીને તાર બતાવીને સમાચાર આપ્યા કે વઢવાણમાં અક્ષરપુરુષોત્તમ દેવ બેઠા. - ઊંડા ઊતરી ગયેલા કોઠારી બોલ્યા સંવત્ ૧૯૨૮માં બાલમુકુન્દદાસનું બંડ મેં દબાવી ગોંડલમાં અક્ષરપુરુષોત્તમ દેવ બેસવા ન દીધા, પણ તેં આજ એ કામ કર્યું. - ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'મને સંકલ્પ હતો તમારી હયાતીમાં મહારાજ અને સ્વામી બેસે તો સારું. તે આજ પૂરો થયો. - ત્યારે કોઠારીએ કહ્યું : 'શ્રીજી કરે તે ખરું' - સ્વામી કહે 'શ્રીજીએ જ કર્યું છે.' - સ્વામીશ્રીએ ભાઈલાલભાઈને કહ્યું : 'આવો ઉંમગ કાયમ રહેશે ? મને વળગવાથી દુઃખ આવશે. તે ખમાશે ? -

ભાઈલાલભાઈએ કહ્યું :' દુઃખ આવે તો તમે જાળવજો અને દુઃખ થકી રક્ષા કરજો. તમારી પાછળ ચાલ્યો આવીશ. - કોઠારીએ ફરી બોલાવી વિગતે વાત પૂછી. - તેમને આ કામમાં કાંઈ અયોગ્ય ન લાગ્યું - કોઠારી માનતા 'સ્વામી જે કાંઈ કાર્ય કરે તે શ્રીજીસંમત હોય તો જ કરે.' **મનન :** ત્રણ ત્રણ આચાર્યો થઈ ગયા ત્યાં સુધી સંસ્થાનો વહીવટ સંભાળ્યો. સ્વામીશ્રીમાં અપાર શ્રદ્ધા. - સ્વામીશ્રી પર અપાર રાજીપો - કોઈ દિવસ ખોટું કરે જ નહિ. શાસ્ત્ર સંમત અને શ્રીજીસંમત જ કાર્ય કરે. ભાઈલાલભાઈ જેવા માથું મૂકીને પણ સ્વામીશ્રી સાથે રહેવા તૈયાર થાય તેવા હરિભક્તો તૈયાર કર્યાં.

૩. **સેવો નહિ ખીચડી લાવો. (૫૧૫) પ્રસંગ :** સંવત ૧૯૮૦ ના માગશર માસમાં સ્વામીશ્રી અમદાવાદમાં કાનજીભાઈ ચૌહાણના ઘેર ઊતર્યા - સ્વામીશ્રી જમીને જ સારંગપુર જવા માટે નીકળે તેવો જેઠીબાનો સંકલ્પ - સ્વામીશ્રીએ તેમના પુત્ર ખેંગારજીભાઈને બોલાવી ખીચડીનું સીધું લાવવાનું કહ્યું ત્યારે ખેગારજીભાઈએ સેવો લાવવાનો જ રાખેલો આગ્રહ - ત્યારે આકરા થયેલા સ્વામીશ્રીએ કહ્યું :'ઘરમાં ઘી અને ખાંડ છે કે નહિ તે જો તો ખરો ? ' ખેંગારજીભાઈએ જઈને માતૃશ્રીને વાત કરી - વ્યવહારિક મુશ્કેલીઓમાં સ્વામીશ્રી કેવી રીતે સાચવે છે ? તેનો અનુભવ કર્યો ? જેઠીબાએ તો સગવડ કરીને સ્વામીશ્રીને સેવો જમાડીને પોતાનો સંકલ્પ પુરો કર્યો. **મનન :** હરિભક્તો માથા આપીને પણ સંસ્થા અને સ્વામીશ્રીની સેવા કરતા સામે સ્વામીશ્રી પણ હરિભક્તોના યોગક્ષેમના વાહક બની રક્ષા કરતાં. તેમની લાજ જાળવી રાખતા.

૪. **'મારો જન્મ મંદિર કરવા સારુ જ છે.' (૪૭૬) પ્રસંગ :** સારંગપુરમાં સ્વામીશ્રીને મંદવાડ - મહુવાથી શેઠ નરસિંહલાલ તેમની પાસે રહેલી લક્ષ્મીનારાયણની મૂર્તિઓમાં પ્રાણ પૂરી જીવંત કરી શકે તેવા પુરુષની શોધ કરતાં સારંગપુર આવ્યા - સ્વામીની માંદગી જોઈ તેઓ બોલી ન શક્યા ત્યારે સ્વામીએ કહ્યું : મંદિર કરવા તેડવા આવ્યા છો ? ચાલો આવું. મારો જન્મ મંદિર કરવા સારુ જ છે ? એક-બે દિવસમાં સ્વામીશ્રી સારા થઈને મહુવા ગયા. - મહુવામાં ઉપાસનાની પુષ્ટિમાં મંદિરો કેટલાં સહાયભૂત બને છે. તેનો મહિમા કહેતાં ત્રણ શિખરનું મોટું મંદિર થશે. તેવી ભવિષ્યવાણી ઉચ્ચારી - એક બ્રાહ્મણે નાનું મંદિર બનાવવાની વાત કરી - તમારો બ્રાહ્મણનો જીવ ટૂંકો એટલે તમને નાના મંદિરના જ વિચાર આવે પણ અમારે તો મોટું મંદિર કરવું છે.- વચનામૃતના આધારે સર્વોપરી નિષ્ઠાની અને ઉપાસનાની વાતો કરી. **મનન :** સ્વામીશ્રીએ પોતાના જીવન દરમિયાન શ્રીજીમહારાજના સંકલ્પ પ્રમાણે મંદિરો કર્યા. જાણે કે મંદિરો માટે જ તેમનું પ્રાગટ્ય ન હોય ! મંદિરો હશે તો ઉપાસના જળવાઈ રહેશે તે પોતે સ્પષ્ટ સમજતાં અને સમજાવવાનો પ્રયત્ન કરતા.

૫. **'હે સ્વામી, આપ દયા કરી બિરાજો.' (૩૨૫) પ્રસંગ :** બોચાસણમાં યજ્ઞ વિધિ બાદ પ્રતિષ્ઠાના શુભ મુહૂર્તમાં સૌએ શ્રીજીમહારાજની મૂર્તિ ઉપાડી મધ્ય ખંડમાં પધરાવી દીધી પણ ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ વજનમાં હલકી હોવા છતાં ઊંચી જ ન થઈ - સ્વામી પરીક્ષા લેતા હોય તેમ અચળ બેસી રહ્યા - સૌ થાક્યા એટલે સ્વામીશ્રીને પાસે જઈને વાત કરી - સ્વામીશ્રી તરત જ ત્યાં આવી સ્વામીની સ્તુતિ કરી : 'હે સ્વામી! આપના સારુ વરતાલથી નીકળ્યા - અપમાન, તિરસ્કાર અને સંકટ સહન કર્યાં. તો હવે દયા કરી આપ બિરાજો.' એમ કહી મૂર્તિની નીચે ટાંકણું ભરાવ્યું, એટલે તરત જ મૂર્તિ ઊંચી થઈ અને સૌએ તેના સ્થાનકે પધરાવી દીધી. **મનન :** મહારાજ અને સ્વામી પોતાના અનન્ય ભક્તને વશ છે. તેમની પ્રાર્થના સાંભળે છે. મૂર્તિમાં સાક્ષાત્ ભગવાન અને સંત બિરાજે છે તેની પ્રતીતિ કરાવી.

**પ્ર.૧૦ નીચે આપેલા પાત્રમાંથી કોઈ પણ <u>એક</u> પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

૧. **વિજ્ઞાનદાસ સ્વામી : પ્રસંગો :**

૧. સુરતમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠાના સમૈયામાં સૌ પ્રથમ વિજ્ઞાનદાસજીનો યોગ થતા તેમની વાતો સાંભળતા. ૫૫,૫૭

૨. ભગતજીની અંગત સેવામાં રહેલા વિજ્ઞાનદાસજીએ ભગતજીનો લોટો ટાંકામાં બોળી અભડાવ્યાનો ખોટો આક્ષેપ ૬૦

૩. ધ્યાની સાધુ રાત્રે બે વાગ્યા સુધી ધ્યાન કરતા - પછી યજ્ઞપુરુષદાસને ભગતજીના મહિમાની વાતો કરતા - સર્વે માન તજી કીર્તન પર સત્પુરુષને ઓળખી લેવાની વાતો કરી ૬૧,૬૨

૪. વિજ્ઞાનાનંદ સ્વામીના સમાગમ માટે આવેલા વિજ્ઞાનદાસ સ્વામીની વાતોમાં મહારાજ સર્વોપરી પૂર્ણ

૭૦૨

પુરુષોત્તમ નારાયણ છે તેવો ભાવ. ૬૫

૫. યજ્ઞપુરુષદાસજીએ વિજ્ઞાનદાસ પાસેથી સાંભળેલું ભગતજીનું જન્મ ચરિત્ર અને મહિમા ૬૯

૬. આ સાધુને મારાથી કેમ ના પડાય ? ભગતજીએ કહેલી વાતનો સાર કાઢતાં વિજ્ઞાનદાસજીએ કહ્યું : 'ભગતજી તો જેમ ભેગા રહી કથાવાર્તા-દર્શનનો લાભ લઈએ તેમ રાજી છે.' ૮૬

૭. ભગતજીની આજ્ઞાથી વરતાલ સભામાં સૌ સંતોની માફી માગી ૧૦૨

**વ્યક્તિત્વ :** દેહનો અનાદર રાત્રે ધ્યાન અને પછી કથા કરતાં. મહારાજ પૂર્ણ પુરુષોત્તમ અને સ્વામી અક્ષર છે તેની પૂર્ણ દૃઢતા હતી અને બીજાને કરાવી શકતા. પ્રગટ સત્પુરુષ ભગતજીની મરજીને સમજીને તે પ્રમાણે જ રહેતા.

**૨. ધોરીભાઈ : પ્રસંગો**

૧. માતા ધામમાં જતાં પિતાનું સંપૂર્ણ સુખ અને લાડકોડ પામ્યા. ૧૯

૨. રામાયણ, મહાભારત તથા ભાગવતની કથા ડુંગરને સંભળાવતા - લગ્ન પ્રસંગે પણ એકાદશીનો આગ્રહ - પિતાને એકલવ્યની ભક્તિનિષ્ઠાનું પુત્રમાં દર્શન. ૨૦,૨૨

૩. ખેતરે એકલા ગયેલા ડુંગરમાં 'આ બાળસ્વરૂપમાં કોઈ વિભૂતિ સ્વરૂપ તો નહિ હોય !' ૨૧

૪. વરતાલ વિજ્ઞાનાનંદ સ્વામી પાસેથી પાછા લેવા ગયા - આચાર્ય મહારાજે આપેલું આશ્વાસન- રૂપિયા રમવા દીધા. ૩૪થી૩૭

૫. ડુંગર ભગત સુરત જતા રહ્યા તેમની શોધમાં ધોરીભાઈ સુરતમાં - પિતાને ઉપદેશ - રજાચિઠ્ઠિ ૪૧થી૪૬

**વ્યક્તિત્વ :** આદર્શ પિતા તરીકે ડુંગર ભક્તના જીવનનું ઘડતર કર્યું. પિતૃપ્રેમના કારણે ત્યાગાશ્રમનું જીવન અંગિકાર કરવામાં બાધા રૂપ થયા પણ અંતે પુત્રની વાત સાંભળી આપેલી રજા -

## વિભાગ - ૩ : 'સ્વામીની વાતો'ના આધારે

**અભ્યાસક્રમની વાતોના ક્રમાંક :** પ્રકરણ ૩/૧, ૩, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.**

૧. જીવ કયાં અટકે છે ? (૩/૧૯)

જ. મહારાજને પુરુષોત્તમ કહેવામાં જીવ અટકે છે.

૨. જેના ઉપર મોટા સાધુ રાજી થાય તેને શો ફાયદો થાય ? (૩/૩૨)

જ. જેના ઉપર મોટા સાધુ રાજી થાય તેનો જીવ સુખિયો થઈ જાય.

૩. સ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વીને વિષે કયા પાંચ પગ રોપ્યા છે ? (૩/૧૬)

જ. સ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વીને વિષે નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ ને નિર્માન એ પાંચ પગ રોપ્યા છે.

૪. મુક્તાનંદ સ્વામીની મોટપનું કારણ શ્રીજીમહારાજને મતે શું છે ? (૩/૩)

જ. મુક્તાનંદ સ્વામીની મોટપનું કારણ શ્રીજીમહારાજને મતે 'સર્વ થકી પર જે અક્ષરધામ, તેને વિષે બિરાજમાન એવા જે ભગવાન તેનો સાક્ષાત્કાર સંબંધ થયો છે તે છે.'

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

૧. અશુભ દેશકાળનો યોગ થાય તો શું થાય ? (૩/૧૭)

જ. અશુભ દેશકાળ, (સંગ, ક્રિયા, શાસ્ત્ર, મંત્ર, દીક્ષા ને દેવતા એ આઠ અશુભનો)નો યોગ થાય તો મહારાજને ને બીજા અવતારાદિકને વિષે સમભાવ કરાવી નાખે અને આજ્ઞાને વિષે ગૌણપણું દેખાડી દે ને મોટા સાધુને

ને સત્સંગમાં ગડબડગોટા વાળતો હોય એ બેયને એકપણે કરી મૂકે ને ભગવદીને વિષે દોષ દેખાડી દે.

૨. શ્રીજીમહારાજ સો કરોડ મનવારો કેવી રીતે ભરશે ? (૩/૧)

જ. તે પ્રથમ ચિંતામણિયું ભરશું, પછી પારસમણિયું ભરશું, પછી હીરા, પછી મોતી, પછી દાગીના, પછી સોનામહોરો, પછી રાળ, પછી રૂપિયા ને કોરિયું ને પછી છેલી બાકી ગારો, એ પ્રકારે પૂરણી કરવી છે.

૩. મનુષ્યદેહને શેને વિષે બાળવું નહિ અને તેનાથી શું કરવું ? (૩/૩૦)

જ. હેમગોપાળને ઠેકાણે તો આ ભરતખંડ છે ને બાવના ચંદનને ઠેકાણે તો મનુષ્યદેહ છે. તે ખબર વિનાનું સ્ત્રી, દ્રવ્ય, દીકરા, દીકરી, લોક, ભોગ ને દેહ તેને વિષે બાળી દે છે, તેમ આપણે બાળવું નહિ. આપણે તો અર્થં સાધયામિ વા દેહં પાતયામિ । એમ જ કરવું.

**પ્ર.૧૩ નીચે આપેલા કોઈ પણ બેના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (આઠેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **વાદી, ફૂલવાદી અને ગારડી (૯૭) દૃષ્ટાંતઃ** વાદી, ફૂલવાદી ને ગારડી; તેમાં વાદી હોય તે તો ગરીબ સાપ હોય તેને ઝાલે, ને ફૂલવાદી હોય તે તો હાથ આવે તો ઝાલે, નહિ તો લૂગડાના છેડાને વળ દઈને મારી નાખે, ને ગારડી હોય તેની આગળ તો ગમે તેવો મણિધર હોય તે પણ ડોલે. **સિદ્ધાંત :** જે દત્તાત્રેય, કપિલ તે તો વાદીને ઠેકાણે છે, તે તો મુમુક્ષુ હોય તેનું કલ્યાણ કરે; ને રામચંદ્ર ને શ્રીકૃષ્ણ તે તો ફૂલવાદીને ઠેકાણે છે, તે તો પોતાનું વચન માને તેનું કલ્યાણ કરે ને ન માને તો તરવારે સમાધાન કરીને કલ્યાણ કરે; ને મહારાજ તો ગારડીને ઠેકાણે છે ને તેમની આગળ તો જીવ, ઈશ્વર, પુરુષ ને અક્ષરાદિક તે સર્વે હાથ જોડીને ઊભા છે.

૨. **ત્રણ પ્રકારના પંખીઓનું દૃષ્ટાંત (૩/૩૧) દૃષ્ટાંત :** ત્રણ પ્રકારના પંખી છે; તેમાં કેટલાક પંખી તો વૃત્તિ દ્વારે ઈંડા સેવે એવાં છે, ને કેટલાક પંખી દૃષ્ટિ દ્વારે સેવે એવાં છે, ને કેટલાંક પંખી તો પાંખમાં રાખીને સેવે એવાં છે. તેમાં વૃત્તિ દ્વારે ઈંડું સેવાતું હોય તે ઈંડું દૃષ્ટિમાં આવે તો ગંદું રહે ?' ત્યારે કહ્યું જે, 'ન રહે.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'એ ઈંડું પાંખમાં આવીને પડે તો શું ગંદું રહે ? ન જ રહે. **સિદ્ધાંત :** વૃત્તિ દ્વારે સેવે એવા તો ગોપાળાનંદ સ્વામી ને કૃપાનંદ સ્વામી જેવા છે; તેની પાંખમાં પડ્યા છીએ, માટે કાંઈ કસર રહેશે નહિ.

૩. **લાખો રૂપિયાનું મંદિર હોય ત્યારે એવી મૂર્તિયું શોભે. (૩/૧૩) દૃષ્ટાંત :** આ મંદિર સારુ મૂર્તિયું લેવા ગયા ત્યારે સલાટે કહ્યું જે, 'કેવી મૂર્તિયું કાઢી આપું ?' ત્યારે સાધુએ કહ્યું : 'આ નક્શા પ્રમાણે કાઢી આપો.' ત્યારે તે સલાટે કહ્યું જે, 'લાખો રૂપિયાનું મંદિર હોય ત્યારે એવી મૂર્તિયું શોભે.' પછી સાધુએ કહ્યું જે, 'મંદિર પ્રમાણે જ મૂર્તિયું લેવા આવ્યા છીએ.' ત્યારે કહ્યું જે, 'તો કાઢી આપું.' પછી સલાટે મૂર્તિયું કાઢી આપી. **સિદ્ધાંત :** તમારે મૂર્તિ તો છે, પણ મંદિર વિના પધરાવશો ક્યાં ? માટે ભગવાન પધરાવવા હોય તો આમાં કહ્યું એવું મંદિર કરવા શીખો, તો ભગવાન રહે.' તેમ આપણે બ્રહ્મરૂપ થયા વિના પુરુષોત્તમને પધરાવશું ક્યાં? માટે પુરુષોત્તમ પધરાવવા હોય તો બ્રહ્મરૂપ થાવું.'

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો. (આઠથી દસ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ :** (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ પ્રમાણના અને ૧ ગુણ સમજૂતિના આપવા. (૨) ઉકેલપત્રમાં આપેલ સ્વામીની વાત સિવાય અભ્યાસક્રમમાં આવતી સ્વામીની વાતમાંથી બીજી કોઈ પણ વાત પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતી હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા.

૧. **મુક્તાનંદ સ્વામીની વાતો સાંભળી આંબા શેઠને મનુષ્યભાવ ટળી ગયો અને ફરીથી શ્રીજીમહારાજમાં જોડાણ થઈ ગયું. (૩/૨૧)**

**પ્રમાણ :** આમ ને આમ બે મહિના સુધી વાતું કરીશ ત્યારે મોરે ભગવાનમાં જીવ જોડાણો હતો એવો જોડાશે,

એવો સ્થૂળભાવ આવી ગયો છે. ને આ વાતું તો ભગવાનમાં જોડાવાની છે.

**સમજૂતિ :** કોઈપણ કાર્યનો ફેર ચડે ત્યારે ભગવાન ભૂલી જવાય, કાર્યનો ફેર ઉતારવા માટે કથાવાર્તા સતત સાંભળવાથી તેનો ફેર ઊતરે અને પાછું ભગવાનમાં જોડાણ થાય.

૨. **શ્રીકૃષ્ણભગવાનની રાસલીલાનું વર્ણન સાંભળીને પરીક્ષિત રાજાને સંશય થયો.** (૩/૨૯)

**પ્રમાણ :** જેમ સમુદ્રમાં વહાણ ચાલ્યું જતું હોય તેને મોટા મચ્છ હોય તે જોઈને મનમાં એમ જાણે જે, આ આપણા જેવો મચ્છ છે તે ચાલ્યો જાય છે; પણ જેવું વહાણ છે ને સમુદ્ર તારે એવું છે ને લાખો-કરોડો રૂપિયાનો માલ લઈ જાય છે ને લાવે છે, તેને જાણી શકતો નથી.

**સમજૂતિ :** જેવા મહારાજ છે ને જેવા મહારાજના સંત છે ને જેવાં તેમનાં સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્ય ને સામર્થ્ય છે તેને જાણતો નથી, જેમ માછલું ને મચ્છ પોતે પોતા જેવા જાણે છે તેમ જે મનુષ્ય છે તે પોતા જેવા જાણે છે, પણ જેવા છે તેવા જાણતા નથી.

૩. **મહારાજે સાકરબાને કહ્યું મા ! તમારાં મૂળજી તો અમને ત્રણે અવસ્થામાં નિરંતર દેખે છે.** (૩/૯)

**પ્રમાણ :** અમારા ખરેખરા સત્સંગી તો ગોરધનભાઈ તથા પર્વતભાઈ આદિક છે, તે તો અમને ત્રણે અવસ્થા માં અમને નિરંતર દેખે છે.

**સમજૂતિ :** જેની બ્રાહ્મી સ્થિતી થાય છે તેને ત્રણેય અવસ્થામાં મહારાજની મૂર્તિ દેખાય છે તેને બધુંય સમ વર્તે છે.

૪. **શ્રીજીમહારાજ ગ. મ. ૬૧માં કહે છે 'જે ત્યાગી હોય તે દેશ-પરદેશમાં જાય ને ત્યાં કનક-કામિનીનો યોગ થાય તોય પણ તેમાં ફેર પડે નહીં અને પોતાના જે જે નિયમ હોય તે સર્વે દૃઢ કરીને રાખે, તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય.** (૩/૨૭)

**પ્રમાણ :** ખરેખરું જ્ઞાન થાય તો તે માયાના પેચમાં આવે નહિ, જેમ જળકૂકડીને જળ લોપે નહિ, તેમ એવા પુરુષ માયામાં આવે તોય માયા લોપી શકે નહિ, તથા જેમ જળકાતરણી માછલું છે તે જાળમાં આવે નહિ, કેમ જે, બેય કોરે અસ્ત્રા જેવી ધાર હોય તે જાળને કાપીને નીસરી જાય, તેમ તેવા સમર્થ પુરુષ હોય તે અનંત જીવને માયા પર કરી મૂકે એવા છે.

**સમજૂતિ :** જે માયાના પેચમાં આવે નહિ, કનક-કામિનીનો યોગ થાય પણ તે માયામાં લેવાય નહિ પણ જે જીવો માયામાં લેવાયેલા હોય તેને તેમાંથી બહાર કાઢી શકે તેવા ત્યાગી જ કનક-કામિનીમાં લેવાય નહિ.

❑ ❑ ❑